ગાંધીનગર સમાચાર
તા. ૧-૬-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### વડાપ્રધાનનો વિવેક પ્રશંસનીય

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ટિવટર સંદેશ દ્વારા તેમજ ગુજરાતના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે ફોન પર વાત કરીને પોતાના જીવનચરિત્રાત્મક પ્રસંગોને બાળકોનાં પાઠ્યપુસ્તકોમાં નહીં સમાવવા કરેલું વિવેકપૂર્ણ સૂચન આવકારપાત્ર અને અનુકરણીય છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશની ભાજપ શાસિત રાજય સરકારોએ શૂન્યમાંથી સર્જન કરનાર અને વામનમાંથી વિરાટ બનનાર નરેન્દ્રભાઈ મોદીના જીવનના પ્રેરક પ્રસંગો શાળાનાં પાઠ્યપુસ્તકોમાં સમાવવા કરેલ નિર્ણયને પગલે ગુજરાતની ભાજપ સરકાર પણ પોતાના લાડીલા નેતા વિશેનો પાઠ ગુજરાતનાં બાળકોને ભણાવાય એવું આયોજન કરી રહી હતી. અત્યંત વ્યસ્તતા છતાં, નરેન્દ્ર મોદીના ધ્યાને આ મુદ્દો આવતાંની સાથે એમણા એક સાચા લોકનેતાને છાજે એ રીતે પોતાના વિશેનો પાઠ અભ્યાસક્રમમાં નહીં સમાવવાનો આગ્રહ કર્યો. એટલું જ નહીં, એમણે ટિવટ કરીને પોતાની રાજયસરકારોના નેતાઓને જણાવ્યું કે આપણા મહાન દેશમાં ઘણી મહાન વિભૂતિઓ થઈ ગઈ છે. કોઈ હયાત વ્યક્તિ વિશેષ વિશે પાઠ્યક્રમમાં માહિતી સમાવવી એ ઉચિત નથી. એના કરતાં આપણા મહાન પૂર્વસૂરિઓ વિશેના પાઠ બાળકોને ભણાવાય તે જ ઉચિત ગણાશે. આવું સૂચન કરીને મોદી 'વિવેક ચૂડામણિ' તો સાબિત થયા જ, તદુપરાંત એક મુત્સદ્દી રાજપુરુષ તરીકે પણ વ્યકત થયા છે. નરેન્દ્રભાઈને 'પ્રસિદ્ધિ ભૂખ્યા' ગણતા વિરોધીઓને આવો પાઠ મુકાતાં ટીકા કરવાની વધુ એક તક મળી હોત. વડાપ્રધાન બન્યા પછી પણ એમની પ્રસિદ્ધિની લાલસા શમી નથી- એવી ટીકાટિપ્પણી થઈ હોત. નરેન્દ્રભાઈએ એમના વિવેકપૂર્ણ અને ઔચિત્યસભર સૂચન દ્વારા એ લોકોની બોલતી બંધ કરી દીધી છે. બીજી તરફ એમણે દેશના દિવંગત મહાપુરુષોના જીવનપ્રસંગો આવરી લેતા પાઠ બાળકોના અભ્યાસક્રમમાં સમાવવાનું સૂચન કરીને રાષ્ટ્રભાવના વ્યકત કરી છે. નરેન્દ્રભાઈ મોદીનું આ સૂચન ગુજરાત સહિતની રાજય સરકારો માટે આદેશ સમાન છે. ગુજરાતના શિક્ષણમંત્રી સાથે તો એમણે ફોન પર સીધી વાત પણ કરી હતી. આમ, પોતાના નામે કોઈ નવો વિવાદ ઊભો થાય એ પહેલાં જ આ વિચક્ષણ રાજપુરુષે પાણી પહેલાં પાળ બાંધી દીધી છે. ખરું જોતાં હયાત વ્યક્તિ વિશેષ વિશે પણ બાળકો માહિતી મળી રહે એમાં કશું જ ખોટું નથી. કવિઓ-લેખકોની કૃતિઓ એમની હયાતી દરમિયાન જ પાઠ્યપુસ્તકોમાં લેવાતી હોય છે અને એ કૃતિઓ સાથે કર્તાનો વિસ્તૃત પરિચય પણ છપાય છે. મહારાષ્ટ્ર સરકારે ભારતરત્ન સચીન તેંડુલકર વિશેનો પાઠ એમનાં પાઠ્યપુસ્તકોમાં સામેલ કર્યો છે તો વળી એવરેસ્ટ વિજેતા તેનસિંગ અને હિલેરી જેવા પુરુષાર્થનાં પ્રતીકો વિશે આપણે એમની હયાતી દરમિયાન જ પાઠ્યપુસ્તકોમાં પાઠ ભણ્યા છીએ. પ્રેરક પ્રસંગોથી ભરપૂર એવું નરેન્દ્ર મોદીનું જીવન પ્રજા માટે દંતકથા સમું બની રહેલ છે ત્યારે રાજયસરકાર એમના વિશે બાળકોને માહિતી આપે તો એમાં કશું ખોટું ન જ ગણાય. મોદી તદ્દન સામાન્ય પરિવારના ફરજંદ તરીકે જન્મ્યા, વડનગર જેવા વિસરાઈ ગયેલા ગામની સાર્વજનિક શાળામાં ભણ્યા અને એસએસસી પાસ થયા પછી આધ્યાત્મિક પ્રવાસીની જેમ હિમાલયની કંદરાઓમાં રઝળ્યા બાદ અંતઃ પ્રેરણાથી લોકસેવાના ભેખધારી બની ગુજરાતના સફળ સુકાની બન્યા. આજે તેઓ દેશના સૌથી લોકપ્રિય રાષ્ટ્રીય નેતા તરીકે પ્રસ્થાપિત થઈ વડાપ્રધાનપદ શોભાવી રહ્યા છે. કોઈપણ ગુજરાતીને ગૌરવ થાય એવી આ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર નરેન્દ્ર મોદીએ ડગલે ને પગલે અનેક વિઘ્નોનો સામનો કરી વિજય પ્રાપ્ત કર્યો છે. પુરુષાર્થના મહાકાવ્ય જેવી જીવનરેખાનો ગુજરાતનાં અને દેશનાં હોનહાર બાળકોને સુપેરે પરિચય મળી રહે, એ દૃષ્ટિએ ગુજરાત શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રીનો અગાઉનો નિર્ણય સર્વથા ઉચિત હતો, પરંતુ નરેન્દ્રભાઈએ વિવેક દાખવી એના પર બ્રેક મારી છે, તે બાબતની આપણે ગૌરવભેર નોંધ લેવી જ રહી.

# ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૬૬.૩૫ ટકા પરિણામ

## ઉત્તર બુનિયાદી પ્રવાહનું પરિણામ ૭૭.૩૪ ટકા રહ્યું : દાહોદ જિલ્લાનું સૌથી વધુ ૮૬.૭૪ ટકા પરિણામ : એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીની સંખ્યા ૧૫૮

અમદાવાદ,તા. ૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૪માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં પરિણામ એકંદરે ૬૬.૩૫ ટકા રહ્યું હતુ. ગત વર્ષની સરખામણીમાં આ વખતે પરિણામ ૨.૦૯ ટકા ઓછુ રહ્યું હતુ. ગત વર્ષે ૬૮.૪૪ ટકા પરિણામ રહ્યું હતુ. ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ આજે શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું હતુ.

આ ઉપરાંત ધોરણ ૧૨ ઉચ્ચતર બુનિયાદી, વ્યવસાયલક્ષી પ્રવાહ, સસ્કૃત માધ્યમની પરિક્ષા આપનાર આશરે પાંચ લાખથી વધારે વિદ્યાર્થીઓનુ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષણ બોર્ડ દ્વારા ૧૩મી માર્ચથી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉત્તર બુનિયાદી પ્રવાહ ની પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્યના ૩૮૫ કેન્દ્ર પરથી લેવામાં આવેલી આ પરીક્ષામાં કુલ ૪૯૯૬૪૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તે પૈકી ૩૩૧૫૧૯ વિદ્યાર્થીઓ પ્રમાણપત્ર મેળવવામાં સફળ રહ્યા છે. એટલે કે દોરણ ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ સરેરાશ ૬૬.૩૫ રહ્યું છે. વ્યવસાયલક્ષી પ્રવાહનુ પરિણામ ૬૭.૭૫ ટકા રહ્યું છે. જ્યારે ઉત્તર બુનિયાદી પ્રવાહનુ પરિણામ ૭૭.૩૪ ટકા રહ્યું છે. રાજ્યમાં સૌથી વધુ જિલ્લાનું ૮૬.૭૪ ટકા પરિણામ દાહોદનું રહ્યું છે. દાહોદનું પરિણામ ૮૬.૭૪ ટકા રહ્યું છે.

જ્યારે સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો કેન્દ્ર શાસિત પ્રદેશ રહ્યો છે. આવી જ રીતે સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર મુકબધીર-રાવપુરા રહ્યું છે. મુકબધીર - રાવપુરાનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું છે. સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર ખેડા રહ્યું છે. અહીંનું પરિણામ માત્ર ૧૭.૬૨ ટકા રહ્યું છે. રાજ્યમાં કુલ ૧૯૦ શાળાઓ ૧૦૦ ટકા પરિણામ મેળવી લેવામાં સફળ રહી છે જ્યારે ૬૦ શાળાઓનું પરિણામ ૧૦ ટકા કરતા પણ ઓછું રહ્યું છે. ગુજરાતમાં કુલ ૧૫૮ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે જ્યારે એ-૨ ગ્રેડ સાથે પ્રમાણ પત્ર મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૮૨૮૯ રહી છે. જ્યારે ૫૦૧ વિદ્યાર્થીઓને ૨૦ ટકા પાસીંગ માર્કની મદદથી ઉત્તીર્ણ જાહેર કરવામાં આવ્યા છે. ચાલુ વર્ષે પ્રથમ વખત બોર્ડ દ્વારા સીસીટીવી કેમેરાની મદદથી પરીક્ષા કેન્દ્રોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેની ચકાસણી દરમિયાન ગેરરીતી પણ સપાટી પર આવી હતી. ગેરરીતીના કેસોની સંખ્યા ૨૫૫ નોંધાઈ હતી. ગેરરીતી આચરવા બદલ દોષિત જાહેર થયેલા ૫૨ વિદ્યાર્થીઓ સામે સુનાવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૩મી મેના દિવસે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૪માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં પરિણામ રેકોર્ડ ૯૪.૧૪ ટકા રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. જો કે, ઓછી ટકાવારીથી પાસ થનાર વિદ્યાર્થીઓમાં ઉંચા પરિણામના કારણે ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. આ વર્ષે વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૧૧૫ કેન્દ્રો પરથી ૧૧૪૭૭૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી કુલ ૧૧૪૨૦૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓ પૈકી ૧૦૭૫૦૬ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જે વિદ્યાર્થીઓ ગેરરીતી આચરતા નજરે પડ્યા હતા તેમના પરિણામો ટીમના રિપોર્ટના આધારે રીઝર્વ રાખવામાં આવ્યા છે. જુદી-જુદી શાળાઓને ૩૬ સુપરવાઈઝર તેમની કામગીરીમાં નિષ્ક્રીય જણાયા છે.

# એક વિષયમાં નાપાસ થનાર માટે જુલાઈમાં પુરક પરીક્ષા

અમદાવાદ, તા.૩૧

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૯૧,૭૬૨ વિદ્યાર્થીઓ માત્ર એક વિષયમાં નાપાસ થયા છે. આ વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૧૪માં પુરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પુરક પરીક્ષામાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં એક વિષયમાં નાપાસ થયેલ ૯૧,૭૬૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી શકશે. આ માટે વિદ્યાર્થીઓએ પોતાની શાળા મારફતે ૨૦ જૂન ૨૦૧૪ સુધી પોતાની અરજી કરી શકશે. આ ઉપરાંત પરિણામ બાદ ગુણ ચકાસણી દફ્તર ચકાસણી, સહિતની અરજીઓ નિશ્ચિત સમયમર્યાદામાં શિક્ષણ બોર્ડને મોકલી આપવાની રહેશે. અરજી સાથે જરૂરી ફીના નાણાનો રાષ્ટ્રિયકૃત બેઠકનો ડિમાન્ડ ડ્રાફ્ટ સચિવ શ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનાં નામે મોકલી આપવાનો રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ચાલુ વર્ષે પ્રથમ વખત બોર્ડ દ્વારા સીસીટીવી કેમેરાની મદદથી પરીક્ષા કેન્દ્રોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેની ચકાસણી દરમિયાન ગેરરીતી પણ સપાટી પર આવી હતી. ગેરરીતીના કેસોની સંખ્યા ૨૫૫ નોંધાઈ હતી. ગેરરીતી આચરવા બદલ દોષિત જાહેર થયેલા ૫૨ વિદ્યાર્થીઓ સામે સુનાવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૩મી મેના દિવસે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૪માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં પરિણામ રેકોર્ડ ૯૪.૧૪ ટકા રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

## હરિની દૃષ્ટિ...




# સામાન્ય પ્રવાહ પરિણામનું ચિત્ર

અમદાવાદ, તા.૩૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૪માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ પરિક્ષાનુ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતુ.પરિણામ ૬૬.૩૫ ટકા રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. ધોરણ -સામાન્ય પ્રવાહના પરિણામનુ સંપૂર્ણ ચિત્ર નીચે મુજબ છે.

| | |
|---|---|
| એકંદરે પરિણામ | ૬૬.૩૫ ટકા |
| સામાન્ય પ્રવાહનું પરિણામ | ૬૬.૨૭ ટકા |
| વ્યવસાયલક્ષીનું પરિણામ | ૬૭.૭૫ ટકા |
| ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહનું પરિણામ | ૭૭.૩૪ ટકા |
| વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર | મુકબધીર-રાવપુરા (૧૦૦ ટકા) |
| ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર | ખેડા (૧૭.૬૨ ટકા) |
| વધુ પરિણામ ધરાવતો જિલ્લો | દાહોદ (૮૬.૭૪ ટકા) |
| ઓછું પરિણામ ધરાવતો જિલ્લો | કેન્દ્રશાષિત (૫૦.૮૯ ટકા) |
| ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા | ૧૯૦ |
| ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળા | ૬૦ |
| એક વિષયમાં પરિણામ સુધારણા | ૯૧,૭૬૨ |
| એ-૧ ગ્રેડ સાથે પાસ વિદ્યાર્થી | ૧૫૮ |
| એ-૨ ગ્રેડ સાથે પાસ વિદ્યાર્થી | ૮૨૮૯ |
| વિદ્યાર્થીઓનું પરિણામ | ૫૯.૨૬ ટકા |
| વિદ્યાર્થીનીઓનું પરિણામ | ૭૭.૩૭ ટકા |
| અંગ્રેજી માધ્યમનું પરિણામ | ૬૧.૫૫ ટકા |
| ગુજરાતી માધ્યમનું પરિણામ | ૬૬.૦૨ ટકા |
| ગેરરીતીના કેસોની સંખ્યા | ૨૫૫ |
| ૨૦ ટકા પાસીંગ સ્ટાન્ડર્ડથી પાસ | ૫૦૧ |

## ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા આયોજીત બાલોત્સવનો આજે સમાપન સમારોહ યોજાશે


ગાંધીનગર, તા. ૩૧

ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલ બાલોત્સવનો સમાપન સમારોહ આજે રવિવારે મુખ્ય અતિથિ ડૉ. સ્વરૂપ સંપત રાવલની ઉપસ્થિતિમાં યોજવામાં આવશે.

રાજ્યભરની શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ-૬ થી ૮ના બાળકો માટે ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા ગત તા. ૨૧ થી બાલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નૃત્ય, સંગીત, નાટક જેવી ૧૦ કલાઓ તજજ્ઞો દ્વારા શિખવાડવામાં આવતી હતી. આ બાલોત્સવમાં ૩૫૦ બાળકોએ ભાગ લીધો હતો.

ગાંધીનગર સેક્ટર-૨૩માં આવેલ નાથીબા કોલેજમાં આવેલ ખિમજી વિસરામ ભવનમાં આજરોજ રવિવારે, સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન સમાપન સમારોહ યોજવામાં આવશે. જેમાં માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જ્હા, સંગીતા સિંહ અને ડૉ. જયંતિ રવિ ઉપસ્થિત રહેશે તેમજ ચિલ્ડ્રન યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજીસ્ટ્રાર અમિત જાની, કુલપતિ, હર્ષદ શાહ અને બાલોત્સવના સંયોજક મેહુલ વ્યાસ ઉપસ્થિત રહેશે.

# શો ધ વર્લ્ડ વી આર વન (ઓલે...ઓલા...) - વેલકમ ટુ બ્રાઝીલ !



વિગેરે...વિગેરે...

- અજય ઉપાધ્યાય
- akurjt@gmail.com

આજથી બરાબર ૧૧ દિવસ પછી એટલે કે ગુરુવાર જુન ૧૨ ના ભારતીય સમય મુજબ રાતના લગભગ નવેક વાગ્યાની આસપાસ બ્રાઝીલના સાઓ પાઓલો શહેરના એરીના કોરીન્થીયાંસ સ્ટેડીયમમાં ફૂટબોલનો મહાકુંભ શરુ થશે. આખા વિશ્વમાંથી આવેલા કસબીઓ એક સંગીતમય થીમની ઉપર અંગકસરતના અજાયબી ભર્યા કરતબો કરશે, આંખોને ચકાચોંધ કરતી રોશની અને અનેક કલરવાળી ચમકદાર લાઈટોના ધોધ વચ્ચે આ સંગીતમય રજૂઆતથી થશે ૨૦ મા ફીફા વર્લ્ડ કપ ૨૦૧૪નું ઉદ્ઘાટન. લગભગ એકાદ કલાકથી પણ વધુ ચાલનારા ચાલનાર આ રંગારંગ ઉદ્ઘાટન સમારોહનો અંત જોરદાર આતશબાજીથી આવશે પણ એ પહેલા સ્ટેજ પર થશે આંતર રાષ્ટ્રીય ખ્યાતિ-તજ્ઞ ગાયકો ક્યુબન રેપર પીટબુલ, જેનીફર લોપેઝ (જેલો) અને બ્રાઝીલની લોકલ સિંગર કલાઉડીયાનું લાઈવ પરફોર્મન્સ. આ ત્રણેય ખ્યાતિ-તજ્ઞ ગાયકો પોત પોતાના હીટ ગીતો અલગ અલગ તો રજુ કરશે જ પણ અંતમાં ફીફા ૨૦૧૪નું ઓફિસિયલ ગીત 'ઓલે ઓલા' (વી આર વન - આપણે બધા એક છીએ) સ્ટેજ પર રજુ કરશે અને એ સાથે જ ઉદ્ઘાટન થશે લગભગ એકાદ મહિનો ચાલનારા ફૂટબોલના આ વિશ્વકપ નો. યાદ છે ને ૨૦૧૦ના સાઉથ આફ્રિકામાં રમાયેલ ફૂટબોલ વર્લ્ડકપ વખતે શકીરાએ ગાયેલું 'વાકા વાકા' જે હજુ આજે પણ એટલું જ લોકપ્રિય છે બસ એ જ રીતે ઓલે ઓલા પણ રજુ થતાવેત જ ફૂટબોલ ચાહકોમાં સુપરહિટ બની ચૂક્યું છે. યુટ્યુબ પર જઈને એનો વિડીયો સર્ચ કરજાપ્ર, જોવાની અને સાંભળવાની મજા પડે એવું ધમાકેદાર ગીત છે.

ફૂટબોલ વિશ્વકપ યોજવાનો બ્રાઝીલના આંગણે આ બીજો અવસર છે. ૬૪ વરસ પહેલા એટલે કે ૧૯૫૦માં બ્રાઝીલે ચોથા ફૂટબોલ વર્લ્ડકપનું આયોજન કરેલું અને મજાની વાત એ છે કે ૧૯૫૦ના વર્લ્ડ કપની મેચો રમાડવા માટે બ્રાઝીલના રીઓ-દ-જનેરો શહેરમાં માર્કાના સ્ટેડીયમ નવું જ બાંધવામાં આવેલું અને ૨૦૧૪મા ઉપયોગમાં લેવાનારા નવા બંધાયેલા કે રીફર્નીશ કરેલા ૧૮ સ્ટેડિયમોમા એક નામ માર્કાના સ્ટેડીયમનું પણ છે. ફૂટબોલનો પહેલો વિશ્વકપ ૧૯૩૦માં ઉરુગ્વે માં રમાયો એ પછી ૨૦૧૦માં સાઉથ આફ્રિકામાં રમાયેલા વર્લ્ડકપ પહેલા સાઉથ અમેરિકન દેશોએ ચાર વર્લ્ડકપ હોસ્ટ કર્યા છે અને ચારે ચાર વખત સાઉથ અમેરિકન દેશ જ વિજેતા થયો છે એટલે આ વખતે પણ ૨૦ મા ફીફા વર્લ્ડકપના વિજેતા તરીકે બ્રાઝિલની તકો ઉજળી ગણાવાઈ રહી છે જો કે કરન્ટ વિનર સ્પેનને પણ ઓછું આકી શકાય એમ નથી . આમ તો ૨૦૦૩માં જ ફીફા (ફેડરેશન ઓફ ઈન્ટરનેશનલ ફૂટબોલ એસોસીએશન) એ જુદા જુદા ખંડોમાં વિશ્વકપ રમાડવાની પોતાની નીતિ અંતર્ગત જાહેર કરેલું કે ૨૦૧૪નો વર્લ્ડ કપ સાઉથ અમેરિકન દેશમાં રમાડાશે. બ્રાઝિલ , આર્જેન્ટીના અને કોલમ્બિયા એ ત્રણમાંથી એક દેશમાં રમાશે એ નક્કી થયું. અંતે બ્રાઝિલને સર્વાનુમતે હોસ્ટ નક્કી કર્યા પછી કોલમ્બિયા એ સ્વતંત્ર દાવેદારી નોંધાવી અને અચાનક જ પાછી પણ ખેંચી એવા બનાવોની ચાર વર્ષની માથાકૂટ પછી ફીફાએ ૨૦૦૭મા બ્રાઝિલને ફીફા ૨૦૧૪નું હોસ્ટ નેશન જાહેર કર્યુ અને ફીફા વર્લ્ડ કપ ૨૦૧૪ ના આયોજક તરીકે મંજુરીની મહોર મારી.

હોસ્ટ નેશન બન્યાની જાહેરાત થતાની સાથે જ બ્રાઝીલે ફૂટબોલના આ મહામુકાબલાને આયોજિત કરવાની તૈયારીઓ શરુ કરી દીધી. આખાયે બ્રાઝીલમાંથી ૧૮ શહેરોને વર્લ્ડકપની મેચો માટે પસંદ કરવામાં આવ્યા. લગભગ ૬ દાયકા પછી ફરી વિશ્વકપ રમાવાનો હોય એટલે સ્વાભાવિક છે કે સમગ્ર બ્રાઝીલમાં ઉત્સાહનો માહોલ હોય. જો કે બ્રાઝીલના ઘણા નાગરિકોએ આનો વિરોધ પણ કર્યો કારણ કે વિશ્વકપનું આયોજન ખુબ જ ખર્ચાળ બને એમ હતું અને લોકોનું કહેવું હતું કે આવા નિરર્થક મેળાવડામાં પૈસા વાપરવા કરતા લોકોની ભલાઈ પાછળ ખર્ચવા જોઈએ. બ્રાઝિલના નાગરિકોનું માનવું હતું કે આટલા પૈસા જો લોકોની શિક્ષણ, આરોગ્ય, વાહનવ્યવહાર જેવી મૂળભૂત સગવડો પાછળ વપરાય તો નાગરિકોને ઘણો ફાયદો થાય. એક તો બ્રાઝિલ સરકાર પર ભ્રષ્ટાચારના સંગીન આરોપો છે એમાં અધૂરામાં પૂરું બ્રાઝીલના સૌથી મોટા શહેર સાઓ પાઓલો કે જયાં ઓપનીંગ સેરેમની યોજવાની છે ત્યા પબ્લિક ટ્રાન્સપોર્ટની ટીકીટમાં અચાનક ભાવ વધારો ઝીંકી દેવામાં આવ્યો જેનો શહેરના નાગરિકોએ વિરોધ શરુ કર્યો અને જોતજોતામાં એ વિરોધ ભયંકર તોફાનોમાં ફેરવાઈ ગયો. તોડફોડ અને આગજનીની અસંખ્ય ઘટના બની. બ્રાઝિલને વિશ્વકપ આયોજન મળ્યું એના થોડા જ દિવસોથી શરુ થયેલો આ વિરોધ આજે વિશ્વકપ શરુ થવાને ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે પણ ચાલુ છે. વિરોધ પ્રદર્શનો અને ધરણાઓ કે શાન્તીકુચ કરીને વિરોધ કરવાના પ્રયાસો હજુયે થઈ રહ્યા છે કેમકે વર્લ્ડકપના બાંધકામોને લીધે એકલા સાઓ પાઉલો શહેરમાં જ અંદાજે ૪૦૦૦ કુટુંબો ઘરવિહોણા બની ગયા છે . હજુ પણ વર્લ્ડકપ દરમ્યાન પણ આવા -દર્શનો અને વિરોધો થઈ શકે છે એવી શક્યતાઓને જોતા બ્રાઝીલીયન પોલીસ સતર્ક છે. આ બધાની વચ્ચે બ્રાઝીલીયન સરકારે વિશ્વકપની તૈયારીઓ ચાલુ રાખી. નવા રસ્તાઓ, નવી હોટેલો અને એરપોર્ટોને આધુનિક કરવાનું કામ શરુ રહ્યું . આ ઉપરાંત નવા સ્ટેડિયમો બાંધવામાં આવ્યા અથવા તો જુના સ્ટેડિયમોનું આધુનિકીકરણ કરવા પાછળ લખલૂટ ખર્ચ કરવામાં આવ્યો. બ્રાઝીલમાં રમાનારો આ વિશ્વકપ ખર્ચની દ્રષ્ટીએ સૌથી વધુ છે. અંદાજે ૧૪ બિલિયન ડોલરનો ખર્ચ આયોજનમા જ થશે (૧ બિલિયન = અંદાજે ૪૦૦૦ કરોડ રૂપિયા).

ખેર વર્લ્ડકપની આ આંકડાકીય માયાજાળથી આગળ વધીએ અને જઈએ ફૂટબોલની રમત તરફ. બ્રાઝીલમાં રમાનારો આ ૨૦મો ફીફા વિશ્વકપ અનેક રીતે અલગ છે . ફૂટબોલ વિશ્વકપના ઈતિહાસમા પહેલીવાર એવું બની રહ્યું છે કે લાગલગાટ બે વર્લ્ડકપનું આયોજન યુરોપ બહાર થઈ રહ્યું છે. આ પહેલાનો વિશ્વકપ પણ યુરોપની બાહર સાઉથઆફ્રિકામાં રમાયેલો. જો કે હવે પછીનો વિશ્વકપ ૨૦૧૮મા ફરીથી યુરોપિયન કન્ટ્રી રશિયામાં યોજવાનો છે . વિશ્વની ટોચની ટીમો અને અત્યંત લોકન્િય અને કીમતી ખેલાડીઓ ભાગ લેતા હોય ત્યારે સલામતીની સઘન વ્યવસ્થા ગોઠવવી જરૂરી બની જાય છે. બ્રાઝિલમા પ્રથમવાર અમેરિકન ડ્રોન વિમાનો અને રોબોટો સલામતીમા જોતરાશે. આ વખતનો વિશ્વકપ સૌથી ખર્ચાળ હશે એ તો આપણે આગળ જોઈ જ ગયા છીએ અને એનું કારણ બ્રાઝીલે વિશ્વકપના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમા કરેલું ભારી રોકાણ છે, મતલબ ખર્ચની દ્રષ્ટીએ પણ આ વિશ્વકપ અનોખો છે, ૨૦૧૩ના કોન્ફેડેરેશન કપના ઓપનીંગ મેચ વખતે ભાષણ આપવા ઉભા થયેલા બ્રાઝીલના પ્રમુખ દીલીમાં ના પ્રવચન સમયે ફૂટબોલ ચાહકોએ ખુબ જ દેકારો કરેલો. દીલીમાં ભ્રષ્ટાચારના આરોપોને લીધે દેશમાં ખાસ કઈ સન્માનીય નથી એટલે ૨૦૧૪ના ઉદ્ઘાટનમાં એવી કોઈ નીચું જોવા જેવી ઘટના ફરીથી બને નહિ એની તકેદારી રૂપે આ વખતે કોઈ ઓપનીંગ સ્પીચ રાખેલ નથી આ પણ વિશ્વકપના ઈતિહાસની એક વિરલ ઘટના ગણાશે.

મોટાભાગે વિશ્વકપના પહેલા મેચની શરૂઆત કોઈ સેલીબ્રીટી કે જાણીતી હસ્તીની કીક થી થતી હોય છે પણ આ વખતે ફર્સ્ટ કીક કમરથી નીચે પેરેલાઈઝ્ડ થયેલો એક ટીનેજર સેન્સર ટેકનોલોજીની મદદથી લગાવશે. બ્રાઝિલ આબોહવાની દ્રષ્ટીએ ગરમ પ્રદેશ ગણાય છે એટલે ઉત્તરીય કે ઉત્તર-પૂર્વીય શહેરોમાં જયારે મેચ રમાતી હશે ત્યારે તાપમાન અત્યંત ચું હોય શકે છે અને ઠંડા પ્રદેશો વાળા દેશોની ટીમના ખેલાડીઓને માટે એ અસહ્ય બની રહેશે એટલે ફીફા એ એવી સ્થિતિમાં રેફરી ને મેચ બે કે ત્રણ વાર અટકાવવાની છૂટ આપેલ છે જેથી એ દરમ્યાન ગરમીથી ત્રાસેલા ખેલાડીઓ શરીરને થોડું ઠંડું કરી શકે અને ડીહાઈડરેશનથી એમને કોઈ મુશ્કેલીનાં થાય. વિશ્વભરમાથી આવેલા ખેલાડીઓની જરૂરીયાતને ધ્યાનમાં લેવા માટે દરેક દેશની ટીમ પાસેથી એવી જરુરીયાતોનું લીસ્ટ મંગાવવામાં આવેલું એમાંથી અમુક નમૂનાઓ મજા આવે એવા છે. પોર્ટુગલની ટીમે ૬ વધારાના સિક્યુરિટી ગાર્ડની માંગ કરી છે એમાંથી બે ફક્ત ને ફક્ત એમના સ્ટાર ખેલાડી રોનાલ્ડોનું જ ધ્યાન રાખશે. ફ્રાન્સે બે ટાઈપના સાબુ તો ઉરુગ્વે એ એર કંડીશનર અવાજરહીત હોવા જોઈએ એવી માંગ કરી છે. અલ્જિરયા એ દરેક રૂમમા કુરાનની તો જાપાને દરેક રૂમમા ઝાકુઝી ની વ્યવસ્થા કરવાની રજૂઆત કરી છે. ટૂંકમાં વિશ્વભરના દેશોના ખેલાડીઓને એક મહીના જેવા લાંબા સમય દરમ્યાન એમની જરૂરીયાતો સંતોષાય અને રમત પર વધુ ધ્યાન આપી શકે એવી વ્યવસ્થા કરવાની બ્રાઝીલની નેમ છે. આટલું આટલું કરવા છતાય જર્મની એ તો બ્રાઝીલની હોટેલમાં રહેવાની જ નાં પાડીને પોતાના ખર્ચે જ ૬૫ રૂમની એક હોટેલ કમ ટ્રેનીંગ કેમ્પ જ બાંધી નાખ્યો છે !!!!

ખેલાડીઓની માવજત પરથી ટીમની વાત પર આવીએ તો આ ટુર્નામેન્ટમા બ્રાઝિલની ટીમ સૌથી કીમતી છે. સ્પેન અને આર્જેન્ટીના એના પછીના સ્થાને છે. આર્જેટીના ભલે કીમતની દ્રષ્ટીએ ત્રીજા નંબરે હોય પણ એનો ખેલાડી મેસ્સી કીમતની રીતે આ ટુર્નામેન્ટનો સૌથી કીમતી ખેલાડી છે, પોર્ટુગાલનો રોનાલ્ડો એના પછીના નંબરે આવે છે. આ વખતે -થમ વાર ફ્રી કીક વખતે દડાનું સ્થાન માર્ક કરવા માટે રેફરીને વેનીશિંગ સ્પ્રે આપવામાં આવશે જેથી ફ્રી કીક વખતે દડાની સાચી પોઝીશન જળવાય રહેશે. આ સ્પ્રેને ઘાસ પર મારતા એક સફેદ લાઈન ઉપસી આવશે જે થોડી મીનીટો પછી આપોઆપ દુર થઈ જશે. એ જ રીતે આ વખતે ગોલ લાઈન ટેકનોલોજીનો પણ પ્રથમ વાર ઉપયોગ થશે. રેફરીના કાંડે બાંધેલી ઘડિયાળમાં દડો ગોલ લાઈનની પેલે પાર ગયો છે કે નહિ એની જાણકારી સેકન્ડ ના સો મા ભાગમાં મળી જશે. વિશ્વકપના અધિકૃત બોલ બ્રાઝુકા મા ૬ એચડી કેમેરા લગાડેલા હશે જે રમતનો ૩૬૦ ડીગ્રી ચીતાર આપશે. બ્રાઝીલમાં ઉપયોગમાં લેવાનારા આ ફૂટબોલ 'બ્રાઝુકા' નું ઉત્પાદન પાકિસ્તાનના શહેર કાબીઝ મા કરવામાં આવ્યું છે. ફીફા ૨૦૧૪મા બોસ્નિઆ-હર્ઝેગોવિના આ દેશ એવો છે જે પહેલી જ વાર વર્લ્ડકપ માટે ક્વોલીફાય થયો છે. તો બીજી તરફ જર્મની એક અનોખો રેકોર્ડ બનાવશે. ૧૬મિ જુને જર્મની પોર્ટુગલ સામે પોતાનો મેચ રમશે એ સાથે જ વિશ્વકપના ઈતિહાસમાં ૧૦૦ મેચ રમનારો પહેલો દેશ બની જશે. વિશ્વકપમાં સૌથી વધુ ૧૫ ગોલનો રેકોર્ડ બ્રાઝીલનો ભૂતપૂર્વ ફૂટબોલર રોનાલ્ડો ધરાવે છે પણ આ વખતે એ રેકોર્ડ તૂટી શકે છે કેમ કે જર્મનીના ક્લોસે વિશ્વકપમાં અત્યાર સુધીમાં ૧૪ ગોલ ફટકારેલા છે જો બ્રાઝીલમાં એ વધુ બે ગોલ નેટ કરી શકે તો રોનાલ્ડોનો રેકોર્ડ એના નામે થઈ જશે. એક આડ વાત કે ૧૫૪ રેફ્રીઓની ફીફા એ નિમણુંક કરી છે અને એમાં ભારતનો એક પણ રેફરી નથી !!!!

હોમ ટીમ અને હોમ ક્રાઉડને લીધે બ્રાઝીલને વિજેતા તરીકે હોટ ફેવરીટ મનાઈ રહી છે. મજબુત ડીફેન્સના જોરે બ્રાઝિલ છઠ્ઠી વાર વિજેતા બની શકે છે જો કે આર્જેન્ટીના, જર્મની અને સ્પેનને પણ વિશ્વકપ વિજેતાની દાવેદાર ગણી શકાય છે. જો સ્પેન જીતશે તો યુરો કપ ૨૦૦૮, વર્લ્ડ કપ ૨૦૧૦ અને યુરો કપ ૨૦૧૨ની વિજેતા આ ટીમની આ સળંગ ચોથી મોટી જીત હશે. મોટાભાગના ફૂટબોલ -મીઓ ફાઈનલ મા સ્પેન અને બ્રાઝિલની ટક્કર થશે એવું માની રહ્યા છે પરંતુ ચિલ્લી અને પોર્ટુગલ પણ ડાર્ક હોર્સ સાબિત થઈ શકે છે ચીલી પાસે સાન્ચેઝ અને વાર્ગાસ જેવા એટેકર છે. બ્રાઝિલનો ફ્રેડ અને આર્જેન્ટીનાનો સર્ગીઓ આ બેમાથી એક ગોલ્ડન બુટ લઈ જઈ શકે છે તો ગોલ્ડન ગ્લોવની ટક્કર સ્પેનના કાસીલાસ અને આર્જેન્ટીના ના રોમેરો વચ્ચે થશે. એ જ રીતે ઇંગ્લેન્ડ નો દારોમદાર ફુલ્લી ફીટ રૂડી પર રહેશે. ૨૦ મા ફીફા વર્લ્ડ કપ ૨૦૧૪ના માસ્કોટ નું નામ છે - ફૂલેકો જેની પસંદગી બ્રાઝીલના લોકો દ્વારા કરવામાં આવેલી છે. યાદ છે સાઉથ આફ્રિકા વિશ્વકપ વખતે પ્લાસ્ટિકનું વાજિંત્ર જેનું નામ હતું વુવુંઝેલા. વુવુંઝેલાના વધુ પડતા અને અમુક અંશે કર્કશ આવજથી ખેલાડીઓ પણ ત્રાસી ગયેલા પણ બ્રાઝીલમાં ખેલાડીઓને એવી ફરિયાદ નહિ રહે કેમકે બ્રાઝિલ વિશ્વકપ વખતે વગાડાશે વાજિંત્ર 'કેક્સીરોલા' નાના પ્લાસ્ટિકના કપ આકારનું આ વાજિંત્ર આડું કે ઉભું હલાવવા માત્રથી જ એક હળવો અને મધુર અવાજ ઉત્પન્ન કરે છે.

ભારતીય સમય પ્રમાણે પહેલી મેચ લગભગ રાતના ૯ઃ૩૦ અને બીજી મધરાતે ૧ ઃ૩૦ ની આસપાસ શરુ થશે.

તો તૈયાર થઈ જાવ ૧૨ મી તારીખથી એક મહીના માટે ફૂટબોલની મર્દાના રમતનો આનદ લેવા . બ્રાઝીલના નયનરમ્ય દરિયા કિનારે બાંધેલા ભવ્ય સ્ટેડિયમોમા ખેલાડીની શક્તિ, ઝડપ અને બ્રાઝીલના ભાતીગળ પોશાકો પહેરેલા દર્શકોથી ઉભરાતા માહોલમાં ફૂટબોલના આ મહાકુંભ મા ગરકાવ થવા.

### રીમાઈન્ડર

ક્રિકેટના મહાન ખેલાડી સર વિવિયન રિચાર્ડ્સ એકમાત્ર એવી વ્યક્તિ છે જે ફૂટબોલ અને ક્રિકેટ એમ બન્ને રમતના વિશ્વકપ મા રમેલા છે. ૧૯૭૪ના ફૂટબોલ વિશ્વકપની ક્વોલીફાઈંગ મેચોમા રિચાર્ડ્સ એન્ટીગુઆ તરફથી રમ્યા હતા.